ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

લીલી દ્રાક્ષ - ઉનાળાના આગમનના પગલે લીલી દ્રાક્ષ બજારમાં ઉભરાવા લાગી છે... આરોગ્યવર્ધક લીલી દ્રાક્ષનો ઉનાળામાં મોટો મહિમા છે... રોગ પ્રતિકારક શક્તિમાં વૃદ્ધિ કરતી લીલી દ્રાક્ષ ગરમીની સામે ઠંડી આપે છે અને સ્ફૂર્તિ પણ આપે છે... **(તસવીર : દિપક જાની)**

વિધાનસભા સંકુલના પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ

પહેલીવાર તપાસમાં ગુણવત્તા બરાબર જણાઈ : આજે પુનઃ નમૂના મેળવી પૃથક્કરણ માટે મોકલાયા : ધારાસભ્યોએ પેટમાં દુઃખાવાની ફરિયાદ કરતાં તંત્ર હરકતમાં આવ્યું

ગાંધીનગર, તા.૯

ગુજરાત વિધાનસભા સંકુલમાં અપાતા પેયજળની ગુણવત્તાને લઈ ઉભા થયેલા પ્રશ્નો અંગે તંત્ર એ તાત્કાલિક તપાસના આદેશો આપતાં તેની ચકાસણી માટે પાણીના નમુના લેવામાં આવ્યા છે.

ગત સપ્તાહે પણ આ નમૂના લેવામાં આવ્યા હતા. જેમાં કલોરીનેશન થતું હોવાનું તેમજ તેની ગુણવત્તા સારી હોવાનું જણાયું છે. આજે પુનઃ સંકુલમાંથી પાણીના નમૂના ચકાસણી માટે લેવામાં આવ્યા છે.

ગુજરાત વિધાનસભાના ધારાસભ્યોએ પેટમાં થતા દુઃખાવાને લઈ કરેલી સંખ્યાબંધ ફરિયાદોને પગલે હરકતમાં આવેલા તંત્ર એ સંકુલના પાણીની ગુણવત્તા અંગે ચકાસણી કરાવી છે.

વિધાનસભા સંકુલમાં આર.ઓ. પ્લાન્ટ છે. તેમજ કલોરીનેશન પણ સંપૂર્ણ રીતે કરવામાં આવે છે. જો કે ગુણવત્તાને લઈ રિપોર્ટ પોઝીટીવ આવતા તંત્રએ રાહતનો દમ લીધો છે. પણ ધારાસભ્યોને થતી પેટની પીડા અંગે હજુ સસ્પેન્શ યથાવત રહેવા પામ્યું છે.

વિધાનસભા સંકુલમાં પાણીની ગુણવત્તા સામે ઉભા થયેલા પ્રશ્નાર્થો આજે કર્મચારી જગતમાં ચર્ચાનો મુદ્દો બન્યો હતો. ગાંધીનગર શહેરમાં અપાતા પાણીના પુરવઠાનું સુપર કલોરીનેશન થઈ વિતરણ કરવામાં આવે છે.

ગાંધીનગર શહેરમાં નર્મદાનું પાણી આપવામાં આવે છે. આ પાણી પુરવઠા બોર્ડ દ્વારા શુધ્ધ કરી અને કલોરીનેશન કરી વિતરણ માટે પુરું પાડવામાં આવે છે.

શહેર-જિલ્લામાં સ્વાઈન ફ્લુનો કેર યથાવત

કમળાના કેસો દેખાયા : સ્વાઈન ફ્લુના વધુ ૬ કેસ નોંધાયા : કલોલ-ગાંધીનગરમાં કમળાના છુટાછવાયા કેસો મળતાં તંત્ર ચિંતાતુર

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુનો કેર યથાવત છે ત્યાં કલોલ અને ગાંધીનગર શહેરમાંથી કમળાના છુટા છવાયા કેસો પણ મળતા થતાં આરોગ્યતંત્ર હચમચી જવા પામ્યું છે. જો કે તંત્રમાંથી મળતા નિર્દેશો પ્રમાણે કમળાના છુટાછવાયા કેસો છે પણ સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. કોઈ ગંભીર કેસો નથી.

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે પણ વધુ ૬ નવા કેસ સ્વાઈન ફ્લુના મળી આવ્યા છે. જેમાં ગાંધીનગર શહેરના ૩, ગાંધીનગર તાલુકાના અને માણસામાંથી એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર શહેરના જી.ઈ.બી. વિસ્તારમાંથી તથા સે. ૫ માંથી સ્વાઈન ફ્લુના કેસો મળી આવ્યા છે. સ્વાઈન ફ્લુના કેસો નવા-નવા વિસ્તારમાંથી મળી રહ્યા છે તેથી તંત્રની દોડધામ યથાવત રહેવા પામી છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ બે કેસ મળ્યા છે. મળતી વિગતો પ્રમાણે સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૧૮૯ પર પહોંચી છે. હાલ ૧૯ દર્દીઓ સારવાર હેઠળ છે. જે પૈકી ૨ દર્દીને વેન્ટીલેટર પર સારવાર આપવામાં આવી રહી છે.

જિલ્લામાં ૧૪૫ દર્દીઓ સંપૂર્ણ રીતે સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

દરમ્યાન ગાંધીનગર શહેર અને કલોલ શહેરમાંથી કમળાના છુટા છવાયા કેસો મળવાના શરૂ થયા છે જેને લઈ તંત્ર ભારે ચિંતાતુર બન્યુ છે.

જો કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું જણાવતાં તંત્રના સૂત્રોમાથી પ્રાપ્ત થતી વિગતો મુજબ તબીબી અધિકારીઓને પરિસ્થિતિ પર અત્યંત બારીકાઈથી નજર રાખવા માટે તેમજ પાણીના થતા કલોરીનેશનની સતત ચકાસણી કરવાની સૂચનાઓ આપી દેવામાં આવી છે.

જિલ્લામાં ૨,૧૧,૮૨૬ને બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ

જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ માટે ૨૩૩૩૪૮ ફોર્મ ભરવામાં આવ્યા હતા. જયારે આ પૈકી ૨૨૫૦૧૬ ફોર્મ માન્ય રહ્યા હતા. નાગરિક પુરવઠા વિભાગ દ્વારા ૨૧૧૮૨૬ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં અન્ન નાગરિક પુરવઠા મંત્રીએ ઉમેર્યું હતું કે ૧૩૧૯૦ કિસ્સામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ બાકી છે. સ્થળાંતર, અવમાન સહીતના કારણોના લીધે વિતરણ બાકી છે.

ગાંધીનગર જિલ્લામાં મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરના ૧૭૧ના મંજુર મહેકમ સામે ૨૯ જગ્યાએ હાલ આવી છે. વર્ષ ૨૦૧૪-૧૫માં હેલ્થ વર્કરની ૫૦ જગ્યાઓ ભરવામાં આવી છે.ઉતરના ધારાસભ્યના પ્રશ્ના જવાબમાં પંચાયત મંત્રીએ જણાવ્યું હતું કે ૩૧ માર્ચ ૨૦૧૪ની સ્થિતિએ મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરના ૧૭૧ના મંજુર મહેકમ સામે ૭૯ જગ્યાઓ ખાલી હતી.

લેન્ડ કમિટીની બે બેઠકો મળી મફતગાળા માટે ૯૮ કીસ્સામાં મંજુરી

બે વર્ષ દરમિયાન જિલ્લામાં મફતગાળાના પ્લોટ માટે સરકારે ૯૮ કિસ્સાઓમાં મંજુરી આપી છે. જયારે ૧૫ અરજીઓ ગ્રાહ્ય રાખી નથી. કલોલના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીએ જણાવ્યું હતું કે જિલ્લામાં દહેગામ અને કલોલમાં લેન્ડ કમિટીની એક એક બેઠક મળી હતી. જયારે આ સંદર્ભે સરકારને મળેલી અરજીઓ પૈકી ૯૮ કિસ્સામાં મંજુરી અને ૧૫ નામંજુર કરાયા છે.

જિલ્લામાં ૪ ચેકડેમ બનાવાયા

વન વિભાગ દ્વારા જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં ૪ ચેકડેમ બનાવવામાં આવ્યા છે. જેની પાછળ રૂ. ૧૪.૫૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લાના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં વનમંત્રીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪-૧૫માં ૩૧ ડીસેમ્બર વર્ષ ૨૦૧૪ની સ્થિતિએ કોઈ ચેકડેમ કે વનતલાવડી બનાવવામાં આવી નથી.

વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

સહકારી સંસ્થાઓના ધર્માદા ફંડનો ઉપયોગ શૌચાલય નિર્માણ માટે કરવા વધતી માગ

ગાંધીનગર, તા. ૯

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત દેશભરમાં સ્વચ્છતા અભિયાન અને શૌચાલય નિર્માણનું કાર્ય ચાલી રહ્યું છે. રાજ્ય સરકારે એક વર્ષમાં એક લાખ શૌચાલય નિર્માણનો લક્ષ્યાંક રાખ્યો છે જેને પૂર્ણ કરવા લોકભાગીદારીની અત્યંત આવશ્યકતા છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આવેલી સહકારી સંસ્થાઓ તેમના ધર્માદા ફંડનો એક વર્ષ માટે ઉપયોગ જો માત્ર શૌચાલય નિર્માણ માટે કરે તો એક લાખ શૌચાલય નિર્માણનો લક્ષ્યાંક ઝડપથી પૂર્ણ કરી શકાય છે.

જ્યાં સ્વચ્છતા હોય ત્યાં પ્રભુનુ નિવાસ હોય તે વિચારમાં આપણે માનીએ છીએ. જો કે દુઃખદ બાબત એ છે કે હજુ આપણા રાજ્યમાં એવા પરિવારો વસે છે જેઓ શૌચાલયના અભાવે જાહેર સ્થળોએ શૌચક્રિયાએ જાય છે. ઘરમાં શૌચાલય ન હોવાથી સૌથી વધુ કફોડી હાલત મહિલાઓની થાય છે. ગ્રામ્ય વિસ્તારો ઉપરાંત શહેરી વિસ્તારના ઝુંપડપટ્ટી વિસ્તારોમાં શૌચાલયોનો અભાવ જોવા મળે છે. જેની સંખ્યા ખુબ મોટી છે. દરેક ઘરમાં એક શૌચાલય હોય તે લક્ષ્યાંકને પુર્ણ કરવા રાજ્ય સરકારે એક લાખ શૌચાલય બનાવવાનું લક્ષ્યાંક રાખ્યું છે. મહિલાઓને ક્ષોભજનક સ્થિતિમાંથી બહાર લાવવા આ લક્ષ્યાંક પૂર્ણ કરવા આપણે કટીબદ્ધ થવુ પડશે. માત્ર રાજ્ય સરકાર પર આ જવાબદારી નાખી દેવાથી કામ પુરૂ નહી થાય. લોકજાગૃતિ અને લોકફાળો પણ એટલો જ જરૂરી છે. દરેક જિલ્લામાં સહકારી બેંકો, નાગરિક બેંકો આવેલી હોય છે. આ ઉપરાંત માર્કેટ યાર્ડ જેવી નફો કરતી સહકારી સંસ્થાઓ પણ ચાલે છે. સહકારી સંસ્થાઓને તેમના નફામાંથી ત્રણ ટકા જેટલો ધર્માદા ફાળો આપવાનો હોય છે. દરેક સહકારી સંસ્થા આ ધર્માદા ફંડ કે ફાળાનો ઉપયોગ એક વર્ષ માટે શૌચાલય નિર્માણ પાછળ ખર્ચે તો એક લાખ શૌચાલય નિર્માણના લક્ષ્યાંકને આસાનીથી પુર્ણ કરી શકાય છે. જો લોકજાગૃતિ આવે તો એ બાબતમાં શંકાને કોઈ સ્થાન નથી કે આગામી એકાદ-બે વર્ષમાં દરેક ઘરમાં શૌચાલય હશે.

સ્વાઈન ફ્લુની સારવાર અંગે કેન્દ્રની એક્સપર્ટ ટીમને સંતોષ

ગાંધીનગર, તા. ૯

ગુજરાતમાં સ્વાઈન ફ્લુના પ્રભાવને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારની એક્સપર્ટ ડૉક્ટર્સની એક ટીમ તા. ૮ થી ૯ માર્ચ દરમ્યાન રાજ્યની મુલાકાતે આવી હતી. આ ટીમે ગુજરાત સરકાર દ્વારા કરાયેલ સ્વાઈમ ફ્લુ અંગેની કામગીરીનો અભ્યાસ કર્યો હતો.

કેન્દ્ર સરકારની એક્સપર્ટ ટીમમાં નવી દિલ્હીની સફદરગંજ હોસ્પિટલના રેસ્પીરેરી મેડીસીન કન્સલટન્ટ તબીબ ડૉ. શિવદાસ ચક્રવર્તી અને એઈમ્સના સીનીયર રેસિડેન્ટ તબીબ ડૉ. પવન તિવારીનો સમાવેશ થતો હતો. આ ટીમે ગુજરાતમાં તેમની મુલાકાત સ્વાઈન ફ્લુના દર્દીઓની સારવાર માટે વેન્ટીલેટર, સાધનોની ઉપલબ્ધિ, માનવ સંશાધનની વ્યવસ્થા અને તેમની તાલીમ બાબતને કરાયેલ તૈયારીની ચકાસણી કરી હતી. ટીમે અમદાવાદની સિવિલ હોસ્પિટલ સોલા હોસ્પિટલ અને અન્ય એક ખાનગી હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

ભારત સરકારની એક્સપર્ટ ટીમે સ્વાઈન ફ્લુની સારવાર અંગેના રાષ્ટ્રીય માપદંડોને ધ્યાને લઈને ગુજરાત સરકાર દ્વારા સ્વાઈન ફ્લુ અંગેની કામગીરી પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો. આગામી વર્ષોમાં દરેક જગ્યાએ વેન્ટીલેટર દ્વારા સ્વાઈન ફ્લુના દર્દીઓને સારવાર અપાય તે માટે રાજ્ય અને કેન્દ્ર સરકારના તજજ્ઞો સાથે રહીને અભ્યાસ કરી પ્રોટોકોલને આંતરરાષ્ટ્રીય માપદંડો અનુસાર સઘન બનાવાશે તેમજ તે અંગેની તાલીમ પણ આપવામાં આવશે.

નારાયણરાવ ભંડારીનું દુખદ અવસાન

અમદાવાદ, તા.૯

ગુજરાતના રાજયપાલ ઓ.પી.કોહલીએ કર્મઠ લોકસેવક અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વરિષ્ઠ કાર્યકર્તા નારાયણરાવ ભંડારીના દુઃખદ નિધન પર ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. તેમના શોક સંદેશમાં રાજયપાલએ જણાવ્યું છે કે, સ્વર્ગસ્થ નારાયણરાવ ભાંડારીએ જીવનપર્યંત સેવા-સમર્પણની ભાવનાને જીવનમંત્ર બનાવી દીધું હતું.

રાજ્યમાં અનાજ સંગ્રહની ક્ષમતા વધારાશે

રાજ્યમાં અનાજ માટે ૪૦ નવા ગોડાઉન બનાવાશે : જરૂરતમંદ લોકોને જાહેર વિતરણ યોજના હેઠળ અનાજનો પૂરતો જથ્થો આપવામાં આવે છે

ગાંધીનગર, તા.૯

રાજ્ય વિધાનસભામાં પ્રશ્નોતરીકાળ દરમિયાન ધારાસભ્ય પ્રશ્નોનો જવાબ આપતા અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી છત્રસિંહ મોરીએ જણાવ્યું હતું કે, રાજ્યનાં જરૂરત મંદ લોકોને જાહેર વિતરણ યોજના અંતર્ગત ખાદ્યાત્રનો પૂરતો જથ્થો ફાળવવામાં આવે છે.

મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે, અંત્યોદય યોજના હેઠળ ગરીબ પરિવારોને ઘંઉ બે રૂપિયે કીલો આપવામાં આવે છે. જ્યારે નિગમને ઘઉં ૩.૨૨ના પડતર ભાવે મળે છે. અટલે કે ૧.૨૨ની ઘટ રાજ્ય સરકાર સબસીડી સ્વરૂપે ચૂકવે છે. આ જ રીતે ચોખા પ્રતિ રૂ. ૩ પ્રતિકિલો અપાય છે. જેની પડતર કિંમત પ્રતિકિલો ૨.૪.૩૦ છે જેની તફાવતની પ્રતિકિલો રૂ. ૧.૩૦ની રકમ રાજ્ય સરકાર સબસીડી સ્વરૂપે ચૂકવે છે. રાજ્યમાં અનાજના જથ્થા સામે રાજ્ય સરકાર દ્વારા ઉપાડ કરવામાં આવેલા અનાજના જથ્થા અને રાજ્ય સરકારે ચૂકવવાની રકમ સંદર્ભના પૂરક પ્રશ્નો પ્રત્યુતર પાઠવતા રાજ્ય મંત્રી મોરીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, અંત્યોદય અન્ન યોજના અંતર્ગત રાજ્યને કેન્દ્ર સરકાર દ્વારા ૧૭૫૬૩૮ મે.ટન ઘઉં અને ૧૪૮૧૫૨ મે.ટન ચોખાનો ઉપાડ કર્યો હતો. તે માટે રાજ્ય સરકારે ઘઉં માટે પ્રતિ ટન ૨૦૦૦ અને ચોખા માટે પ્રતિ ટન ૩૦૦૦ ચૂકવવાની થાય છે. આજ રીતે બી.પી.એલ.પરિવારો માટે ઘઉં ૪૬૬૬૨૦ મે.ટન અને ચોખા અને ચોખાનો ૨૭૦૭૩૮ મે.ટન જથ્થો

● અનુસંધાન પાન-૭ પર

૩૩.૯૯ લાખ પરિવારને ખાદ્યાનનો જથ્થો અપાયો

ગાંધીનગર, તા.૯

રાજ્યમાં ૭.૭૬ લાખ અંત્યોદય અને ૨૬.૨૬ લાખ ગરીબી રેખા હેઠળ નીચેના એટલે કે ૩૩.૯૯ લાખ જરૂરત મંદ પરિવારોને રાજ્યમાં જાહેર વિતરણ યોજના અંતર્ગત ખાદ્યાત્રનો જથ્થો પૂરો પાડવામાં આવે છે. આ ઉપરાંત એ.પી.એલ. કાર્ડ ધારકોને ણ નિયમ મુજબ ખાદ્યાનનો જથ્થો ફળવાય છે. રાજ્યમાં અંત્યોદય યોજના હેઠળ એ બીપીએલ યોજના હેઠળ રાજ્ય સરકાર સબ્સિડી ચુકવે છે તેની વિગત આપતા મંત્રી છત્રસિંહે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪-૧૫માં જાન્યુઆરી માસ અંતિત અંત્યોદય યોજનામાં રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૨૧.૫૮ કરોડ સબ્સિડી તથા બીપીએલ પરિવારને રૂપિયા ૯૭.૪૧ કરોડ રૂપિયાની સબ્સિડી ચુકવવામાં આવી છે.

હાર્દિક અભિનંદન





શ્રી પરેશભાઈ આર. પટેલ
ડિરેક્ટરશ્રી
કૃષક ભારતી કો.ઓપ. લી. (કૃભકો)
નવી દિલ્હી

શ્રી ડો. ચંદ્રપાલસિંહ યાદવ
ચેરમેનશ્રી
કૃભકો અને એન.સી.યુ.આઈ.
નવી દિલ્હી
સાંસદ - રાજ્યસભા, નવી દિલ્હી

રાષ્ટ્રની સહકારી ક્ષેત્રે ટોચની સંસ્થા
કૃષક ભારતી કો. ઓપ. લી. (કૃભકો) નવી દિલ્હીના
ચેરમેન પદે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સહકારી લીડર
શ્રી ડો. ચંદ્રપાલસિંગ યાદવને ચૂંટાઈ આવવા બદલ
તથા યુવા સહકારી લીડર શ્રી પરેશભાઈ રણછોડભાઈ
પટેલને ડાયરેક્ટર પદે સતત બીજી ટર્મ માટે નવ
રાજ્યોમાંથી બિનહરીફ ચૂંટાઈ આવવા બદલ તથા
કૃભકોના તમામ ચૂંટાઈ આવેલા ડાયરેક્ટરશ્રીઓને
ખુબ ખુબ અભિનંદન...

શુભેચ્છક

હિમાંશુ વી. પટેલ
મંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
મહેશભાઈ એમ. પટેલ
પૂર્વ સરપંચશ્રી, ઉનાવા
હરેશભાઈ કે. પટેલ
ઉપપ્રમુખ, ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ
રજનીભાઈ આર. પટેલ
ખજાનચી, ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ

મુકેશભાઈ કે. પટેલ
પ્રમુખશ્રી, ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ
માનાજી રૂપાજી મારવાડી
પ્રમુખ, રાજસ્થાન સેવા સમિતિ
નિમિષભાઈ શાહ
સહ સંપાદક, કૃત સંકલ્પ
પિન્કીબેન આર. પટેલ
કોર્પોરેટરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા

શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે - ૨૧/૪/૨૦૧૫થી...
વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫
માણસા-ગાંધીનગર હાઈવે, વસંત વગડાની સામે, ક-૭ સર્કલ, ગાંધીનગર

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com